મદદનીશ નિયામકની એક જગ્યા
નાયબ નિયામકની જગ્યામાં અપગ્રેડ
કરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૯/૩૭૧૨/બ૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૫/૧૨/૨૦૧૯

વંચાણે લીધા:-

1. મહિલા અને બાળ વિકાસનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૬/બ-૧, તા.૨૦/૦૩/૨૦૧૯
2. નાણા વિભાગની અધિસુચના ક્રમાંક: તસમ/૩૪/૨૦૧૬/૨૬૬૪/ઘ, તા.૩૦/૧૧/૨૦૧૬.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસુચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૧૬૭/બ-૧, તા.૦૨/૦૮/૨૦૧૮.
4. મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસુચના ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૮/૧૧૬૭/બ-૧, તા.૦૪/૦૯/૨૦૧૯.

<u>પ્રસ્તાવના:</u>

આમુખ (૧) થી કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિભાગની કચેરી ખાતે ત્રણ (૩) નાયબ નિયામકની જગ્યા ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવી હતી. આમુખ (૨) થી નાણા વિભાગ દ્વારા બજેટ અને નાણાકીય કામગીરી માટે ગુજરાત હિસાબી સેવા વર્ગ-૧ (સીનીયર ડ્યુટી)ના અધિકારીને કમિશ્નરશ્રીની કચેરી ખાતે નાયબ નિયામકની જગ્યા પર નિમણૂક આપવામાં આવેલ હતી. મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળની નાયબ નિયાબક, વર્ગ-૧ ની કુલ ૭ જગ્યાઓ મંજુર થયેલ છે. આમુખ (૩) અને (૪) થી મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના કુલ ૭ નાયબ નિયામકની જગ્યાઓ પર નિમણૂક આપવામાં આવેલ હતી. કમિશ્નરશ્રીની કચેરી ખાતે બજેટ તેમજ અન્ય નાણાકીય કામગીરી જેવી અગત્યની કામગીરીને ધ્યાને લઈને ૩ મંજુર નાયબ નિયામકની જગ્યા સામે ૪ નાયબ નિયામકની જગ્યા ભરવામાં આવેલ હતી. મંજુર જગ્યાની સામે વધુ જગ્યા ભરવામાં આવતા પગાર અને અન્ય વહીવટી પ્રશ્ન ઉપસ્થિત ન થાય એ માટે મદદનીશ નિયામકની એક જગ્યા નાયબ નિયામકની જગ્યામાં અપગ્રેડ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

## //ઠરાવ//

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી ખાતે ઉપલબ્ધ મદદનીશ નિયામક, વર્ગ-૧, ની એક જગ્યા પે-મેટ્રીક્ષ લેવલ-૧૦ (પગાર ધોરણ રૂ. ૫૬૧૦૦-૧૭૭૫૦૦) ને નાયબ નિયામક, વર્ગ-૧ ની જગ્યા પે-મેટ્રીક્ષ લેવલ-૧૧ (પગાર ધોરણ ૬૭૭૦૦-૨૦૮૭૦૦) માં અપગ્રેડ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

નાણા વિભાગ દ્વારા ભરવામાં આવેલ નાયબ નિયામકની જગ્યા કોઈપણ કારણોસર ખાલી પડે તે સંજોગોમાં અથવા તો વિભાગની અન્ય નાયબ નિયામકની જગ્યા જો ખાલી પડે તો તે ખાલી જગ્યા સામે પ્રસ્તુત અધિકારીની નિમણૂક ગણવાની શરતે તેટલા સમય પુરતી જ આ જગ્યા અપગ્રેડ કરવાની મંજુરી આપવામાં આવે છે. જગ્યા ખાલી થવાના સંજોગોમાં નાયબ નિયામકની આ અપગ્રેડ થયેલ જગ્યા આપોઆપ મદદનીશ નિયામક તરીકે ડાઉનગ્રેડ થયેલી ગણાશે.

આ ઠરાવ આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૫/૧૨/૨૦૧૯ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગોપાલસિંહ યાદવ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2) નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3) નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4) એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
5) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
6) નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
7) શાખા સિલેક્ટ ફાઈલ.